૮. **પરીક્ષા પદ્ધતિ :-**

મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ GS/2016/41 /BPN/102016/202014/ K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર (૧) પ્રથમ તબક્કામાં લેખિત **સ્પર્ધાત્મક કસોટી (OMR) ભાગ-૧** અને (૨) ત્યારબાદ બીજા તબક્કામાં કુલ જગાના મેરીટના ધોરણે કેટેગરી વાઈઝ અંદાજિત ત્રણ ગણા ઉમેદવારોની **કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી(કાર્યક્ષમતા) ટેસ્ટ ભાગ-૨** - એમ બે કસોટીઓ લેવામાં આવશે. જેની વિગતો નીચે મુજબની રહેશે.

**(ક) ભાગ-૧: લેખિત કસોટી: ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર, ગુણ: ૨૦૦ , સમયઃ બે કલાક.**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| 1 | **સામાન્ય જ્ઞાન**: ગુજરાતનો ઈતિહાસ, ગુજરાતની ભૂગોળ, કલા અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો ભારત અને ગુજરાત, કોમ્પ્યુટરને લગતું બેઝિક જ્ઞાન, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતીરાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ. | ૮૦ ગુણ | **૧૨૦ મિનિટ.** |
| 2 | ગુજરાતી વ્યાકરણ અને સાહિત્ય. | ૫૦ ગુણ | |
| 3 | અંગ્રેજી વ્યાકરણ | ૪૦ ગુણ | |
| 4 | ક્વોન્ટીટેટીવ એપ્ટિટ્યુડ અને ટેસ્ટ ઓફ રીઝનીંગ | ૩૦ ગુણ | |
| **કુલ** | | **૨૦૦ ગુણ** | |

**નોંધ** : (૧) (i) પરીક્ષા Multiple Choice Question (MCQ ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે. (ii) દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. (iii) ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. (iv) ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કીંગ

લાગુ પડશે. (v) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" “Not attempted” રહેશે, ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને “Not attempted” વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. (vi) પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૨) લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગાના અંદાજે મેરીટના ધોરણે કેટેગરીવાર ત્રણ ગણા જેટલા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી(કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે

**(ખ) ભાગ-૨: કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી: પેપર-૨: ગુણ-૧૦૦ માર્ક્સ, સમય- ૧ કલાક ૩૦ મિનિટ**

| Sr. No. | Particulars of Test | Marks | Duration |
|---|---|---|---|
| 1 | Gujarati Typing Test | 30 Marks | 1 Hour and 30 Minutes |
| 2 | English Typing Test | 20 Marks | |
| 3 | Computer Practical test with reference to the basic knowledge of computer applications as prescribed in (PART –III) | 50 Marks | |
| | | 100 Marks | |

**COMPUTER PRACTICAL TEST (PART –III )**

| Sr.No. | Particulars | Marks |
|---|---|---|
| 1 | Preparing a note in word file | 10 Marks |
| 2 | Preparing a Power Point slide for presentaion based on data provided | 15 Marks |
| 3 | Preparing an Excel spreadsheet and answering an arithmetic problem | 15 Marks |
| 4 | E-mails(with attachments) | 10 Marks |

**નોંધ:** ઉપર ખ (૩) (ત્રણ) માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી અંગેનો અભ્યાસક્રમ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૬ ના Notification No.GS/2016/41/BPN/102016/202014/K. (Competitive Examaination) Rules, 2016 ના એપેન્ડીક્ષ- F મુજબનો રહેશે.

**(ગ) લઘુતમ લાયકી ધોરણ:**

મેરીટ યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ મંડળ ઠરાવશે. પરંતુ પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ, કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુતમ લાયકી ધોરણ, દરેક કસોટી માટે કુલ ગુણના ૪૦ % ગુણ રહેશે. લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તીર્ણ થનાર ઉમેદવારો પૈકી કુલ ખાલી જગાઓની સંખ્યાના કેટેગરીવાર અંદાજે ૩ (ત્રણ) ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

(ધ) (૧) હેડ ક્લાર્ક, વર્ગ-૩ સંવર્ગની જગા માટેની મેરીટ યાદી ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર તથા ભાગ-૨: કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી બંનેમાં મેળવેલ સંયુક્ત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

(૨) આ જાહેરાત હેઠળની જગા માટે મૌખીક કસોટી લેવામાં આવશે નહીં.

(૩) **પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ:-**

ઉમેદવારોએ ઉકત પ્રથમ તબક્કા ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કા ભાગ-૨ ની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ -એમ બંને કસોટીમાં મેળવેલ સંયુક્ત ગુણના મેરીટસના આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગાની વિગતો ધ્યાને લઇ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.